## ‘દ્રૌપદી’ એક ઐતિહાસિક નામ....જે ભારતનો ઈતિહાસ બદલી શકે છે!!

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા,૨૮

ઈતિહાસ સાક્ષી છે કે ૫૦૦૦ વર્ષ પહેલાં ભારતવર્ષનો ઈતિહાસનો એકડો ઘૂંટવા "દ્રૌપદી" નામ મુખ્ય ભૂમિકામાં હતું!! ખરડાયેલી રાજનીતિ અને મદમસ્ત બનેલા રાજઘરાનાઓને પાઠ ભણાવવા દ્રૌપદી નિમિત્ત બન્યા હતા.... આજનો વર્તમાન અને રાજનીતિ કરતા નેતાઓ પણ દુર્યોધન, શિશુપાલ, કંસ, જરાસંઘને સારા કહેવડાવે તેવા જ છે... અહમ, પરિવારવાદ, સ્વાર્થ અને પદ-પ્રતિષ્ઠાએ માજા મૂકી છે. કોઈ પક્ષનું નામ આપવાની જરૂર નથી પણ, ભારતનો નકશો લઈને બેસીએ અને પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ પુરા ભારતનું ભ્રમણ ઘરે બેઠા બેઠા કરતા જઈએ અને દરેક રાજ્ય કે પ્રાંત ઉપર ૫ મિનિટ મન અને મગજ ઠેરવીએ તો સ્પસ્ટ માલુમ પડી જશે કે હજુય આપણી રાજનીતિમાં કેટલો ગંદવાડ છે!!

"મેરા ભારત મહાન" બોલવું સૌને ગમે છે પણ, પાલન કોઈને કરવું નથી... પોતાના અંગત સ્વાર્થ થકી રાજનેતાઓ રાજનીતિ કરતા રહ્યા છે અને જનતાને મૂર્ખ બનાવતા રહ્યા છે. જનતાની સમસ્યાઓ અને પ્રશ્નોના નિરાકરણ પાછળ રાજશક્તિ ખર્ચ થવી જોઈએ તેના કરતાં કાવાદાવા પાછળ ખૂબ ખર્ચ થઈ રહી છે ત્યારે વર્તમાન ભારતમાં એક વધુ "દ્રૌપદી" નારીશક્તિ બનીને રાજકારણમાં સક્રિય પ્રત્યારોપણ કરવા જઈ રહ્યા છે!! ભારતના આગામી રાષ્ટ્રપતિ માટે દ્રૌપદી મુર્મૂ નામના મહિલા આદિવાસીએ પોતાના શસ્ત્રો સજ્જ કરી લીધા છે... દ્રૌપદી મુર્મૂ નામ માટે ૭૦% રાજકીય પક્ષો મન મનાવી ચુક્યા છે એટલે નિશ્ચિતરૂપે દ્રૌપદી મુર્મૂ ભારતના રાષ્ટ્રપતિ બનીને જ રહેશે તેવું લાગી રહ્યું છે!! દ્રૌપદી મુર્મૂ ઉપર ભારતના ભવિષ્યનો મોટો મદાર રહેલો છે, રાષ્ટ્રપતિ પદ એ ભારતનું સંવિધાનીક રીતે સૌથી ઊંચું આસન છે અને તેમની સહી પછી જ ભારતના કાયદા કાનૂન અમલમાં આવી શકે.... આજે ભૂતકાળની સરકારોના કેટલાય આંટીઘૂંટીવાળા કાનૂનને સરળ બનાવવા તેમજ અતિ આવશ્યક એવા કાનૂન કે જેમને અમલમાં લાવવાની પાછળની સરકારોની નિયત નહોતી તેવા તમામ કાનૂન સાથે ભારતને મજબૂત બનાવવા મથી રહેલી મોદી સરકાર હવે દ્રૌપદી મુર્મૂજીના હાથે હસ્તાક્ષર કરાવશે તે નક્કી છે... જનસંખ્યા નિયંત્રણ કાનૂન, જરૂરિયાતમંદ તમામ લોકોને આરક્ષણ મળી રહે તેવા સુધારા કાનૂન, સુધારેલ કૃષિ કાનૂન, pok અને સિયાચીન હસ્તગત કરવાના કાનૂન કે આદિવાસીના હક્ક માટેના સુધારા કાનૂન હોય તમામ કાયદાઓ ભારત સરકાર લાવવા માગે છે.... જે ભારતનો ઈતિહાસ બદલી શકે છે... ઉપરોક્ત તમામ કાનૂન ભારતની જનતાના હિતમાં છે તેવું વિશ્લેષકોનું માનવું છે.... વિપક્ષ પોતાનું વજૂદ બતાવવા અને ભાજપની મજબૂત વિચારધારાવાળા પક્ષની છબી બનતી અટકાવવા હેતુ આવા તમામ કાનૂનનો વિરોધ કરતું આવ્યું છે... પરંતુ મોદીજીની દ્રઢતા અને શક્તિશાળી મહિલા રાષ્ટ્રપતિ એટલે કે દ્રૌપદી મુર્મૂજીની એન્ટ્રી થાય પછી વિરોધીઓ વિરોધ કરતા રહેશે અને પોતાની આબરૂ શાખ ઘટાડતા જશે તે વચ્ચે ભારત મજબૂત થતું જશે તે રાજકીય વાતાવરણની આગોતરી આગાહી છે અને હાલનો વર્તારો પણ એવું જ કંઈક કહી રહ્યો છે...

### પૂર્વ ધારાસભ્ય-ભાજપ સંગઠન વચ્ચે ખેંચતાણ

## રણેથી ગ્રામ પંચાયતમાં ગેરરીતીની ફરિયાદનો અહેવાલ રજૂ....

### સરપંચ સામે લટકતી તલવાર આક્ષેપિત સરપંચની સંગઠન હોદ્દેદાર સામે પ્રધાનમંત્રી પોર્ટલ ઉપર ગંભીર ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

બાયડ તાલુકાની રણેશી ગ્રામ પંચાયતના વર્તમાન સરપંચ અને તેમના પત્નિએ ગેરરીતી આચર્યાની સ્થાનિક અરજદારની ફરિયાદ પછી તપાસ પૂર્ણ થઈ છે અને ફરિયાદનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજૂ કરાયો છે. જેમાં સરપંચ સામે લટકતી તલવાર હોવાની ગરમા ગરમ ચર્ચા વચ્ચે સરપંચને બચાવવા માટે પૂર્વ ધારાસભ્ય અને ઉભય પક્ષે ભાજપ સંગઠન વચ્ચે ખેંચતાણ હોવાના આરોપ લાગ્યા છે. આક્ષેપિત સરપંચ દ્વારા સંગઠનના હોદ્દેદાર સામે પ્રધાનમંત્રી પોર્ટલ ઉપર અતિગંભીર ફરિયાદ કર્યાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાની રણચી ગ્રામ પંચાયત પાછલા દોઢ દાયકાથી સમરસ ગ્રામ પંચાયત તરીકે નામના મેળવી હતી પરંતુ ગત વર્ષે યોજાયેલી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં સરપંચ પદના ૨ બળીયા ઉમેદવારોની ટકરાવ પછી પૂર્વ સરપંચ ભરતભાઈ પટેલનો વિજય થયો હતો અને ત્યારબાદ ગ્રામ પંચાયતમાં સરકારની ગ્રાન્ટોમાં વ્યાપક ગેરરીતીની ફરિયાદ સરપંચ પદની ચૂંટણી હારેલા ઉમેદવાર વિક્રમભાઈ પટેલે કરી હતી અને ત્યારબાદ તપાસનો ધમધમાટ શરુ થયો અંદાજીત ૪૦ પાનાથી વધુની તપાસ પૂરી થયા પછી હવે તપાસનો રિપોર્ટ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજૂ થયો છે જેમાં વર્તમાન સરપંચ સામે તલવાર લટકતી હોવાનું અભ્યાસુ લોકો જણાવી રહ્યા છે. પરંતુ જે રીતે તપાસ ઉપર બ્રેક વાગી છે તે જોતાં એક પૂર્વ ધારાસભ્યએ વર્તમાન સરપંચને બચાવવા માટે એડી ટોચનું જોર લગાવી દીધું છે. જ્યારે સામા પક્ષે કોઈપણ ભોગે તપાસ ઝડપથી પૂરી કરી પગલાં ભરવા માટે ભાજપ સંગઠનમાંથી પ્રેશર થયાની વિગતો પણ સામે આવી છે જેના કારણે તપાસ અધિકારી માટે અત્યારે જાયે તો કહા જાયે. જેવી સ્થિતિ પેદા થઈ છે. પરંતુ બીજી બહાર આવેલી વિગતો અનુસાર રણેશી ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા જિલ્લા ભાજપ સંગઠનના આગેવાન સરકારના મંત્રીઓને સરકારમાં મારા વિરુદ્ધ ખોટું દબાણ ઉભું કરી રહ્યાની ફરિયાદ પ્રધાનમંત્રી પોર્ટલ ઉપર થયાનું પણ વિશ્વાસપાત્ર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ગ્રામ પંચાયતના વિવાદ અને ત્યાર પછી ગેરરીતીનો મામલો હવે ગુજરાતની બહાર ઠેઠ દિલ્હીના દરબાર સુધી પહોંચતાં અનેક તપાસ અધિકારી અને કર્મચારીઓ આંખો ખંજોળતા થઈ ગયા છે.


બીજી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલી



સમય જીંદગીનો ઓછો હશે
ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ
ક્યાં ખબર હતી,
આશા અધુરીને આંખડી મીંચાઈ ગઈ,
આપની અચાનક વિદાય કાળજુ કંપાવી ગઈ,
પ્રભુ આપના આત્માને ચિર
શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. કેશવભાઈ જોઈતાભાઈ પટેલ
મુ. રડોદરા, તા. બાયડ
જન્મ તા. ૦૫-૧૦-૧૯૩૮
સ્વ. તા. ૨૯-૦૬-૨૦૨૦, સોમવાર

લિ.

કુ.શીતલબેન કેશવલાલ પટેલ
નિલેશકુમાર પ્રવિણભાઈ પટેલ
ચાંદનીબેન નિલેશકુમાર પટેલ
દેવશ્રી નિલેશકુમાર પટેલ
તનય નિલેશકુમાર પટેલ

ચેતનકુમાર કેશવલાલ પટેલ
નિશાબેન ચેતનકુમાર પટેલ
વ્યોમ ચેતનકુમાર પટેલ
વૃષા ચેતનકુમાર પટેલ
શ્રીયા ચેતનકુમાર પટેલ

સ્વ.કોદરભાઈ જોઈતાભાઈ પટેલ
ગં.સ્વ.જેલીબેન કોદરભાઈ પટેલ
વિનુભાઈ કોદરભાઈ પટેલ
પ્રેમિલાબેન વિનુભાઈ પટેલ
બિપીનકુમાર કોદરભાઈ પટેલ
ચેતનાબેન બિપીનકુમાર પટેલ

તથા સમસ્ત વાઘાવત પરિવાર
ફર્મ : સહજાનંદ કન્સ્ટ્રકશન, વલ્લભવિદ્યાનગર
શ્રી સહજાનંદ ડેવલોપર્સ, વલ્લભવિદ્યાનગર


### વરસાદ, વાવાઝોડું કાળ બન્યું, ૧ માનવ, પશુનું મરણ

## જિલ્લામાં મીની ચક્રવાતથી ૪ તાલુકામાં ૧૬૮ મકાનોને અંશત નુક્સાન.....

### ભરચોમાસે અનેક પરિવારો ઘરવિહોણા, તાબડતોબ નુક્સાનીનો સર્વે શરુઃ માલપુર તાલુકામાં સૌથી વધુ ૧૩૬ મકાનોને અંશત નુક્સાન

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

જિલ્લામાં મીની ચક્રવાત સાથે વરસાદ વરસતાં અનેક વિસ્તારોમાં વાવાઝોડાએ અનેક પરિવારોને ઘરવિહોણાં કરી દીધાં છે. જિલ્લાના માલપુર, મેઘરજ, તલોદ અને પ્રાંતિજ તાલુકામાં મીની ચક્રવાતથી કુલ-૧૬૮ મકાનોને અંશત નુક્સાન પહોંચ્યું છે. અરવલ્લીના રીંછવાડમાં ૧ પશુનું તેમજ માલપુરના સરતાનપુર નજીક ઝાડ પડતાં બાઈક ચાલકનું મોત નિપજ્યું છે. ચક્રવાતના કારણે નુકસાનનો આંકડો મેળવવા તાલુકા વિકાસ અધિકારીની નિગરાની હેઠળ સર્વેની ટીમો રવાના કરવામાં આવી છે.

કેટલા મકાનોનું નુકસાન.....

| ગામ | મકાન |
|---|---|
| પુનાદરા | ૦૩ |
| વાઘપુર | ૦૨ |
| ગોરા | ૦૭ |
| પિશાલ | ૧૧ |
| ભુજડી | ૦૫ |
| ઈપલોડા | ૦૪ |
| રુગ્નાથપુર | ૦૧ |
| બામણી | ૦૧ |
| નાનાવાડા | ૧૩ |
| માલજીના પહાડીયા | ૦૫ |
| અણિયોર | ૦૧ |
| ડોડીયા | ૧૭ |
| પરસોડા | ૨૨ |
| ટીસ્કી | ૦૧ |
| જીતપુર | ૦૫ |
| પીપરાણા | ૦૩ |
| રીંછવાડ | ૦૫ |
| ગાજણ | ૨૨ |
| કાસવાડ | ૩૮ |
| વાવડી | ૦૨ |

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં વરસાદની ચાતક નજરે રાહ જોતી પ્રજાને આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાતાં રાહત થઈ પરંતુ વાવાઝોડા સાથે વરસાદ વરસતાં ગણતરીની મીનીટોમાં જ પ્રજાની માલ-મિલ્કતને લાખોનું નુકસાન પહોંચ્યાનું ચિત્ર સામે આવી રહ્યું છે. ગત રોજ ભયંકર બફારા પછી ડરામણા વિજ કડાકા-ભડાકા સાથે અરવલ્લીના માલપુર, મેઘરજ અને સાબરકાંઠાના પ્રાંતિજ, તલોદ પંથકમાં વરસેલા વરસાદ અને



મીનીવાવાઝોડાના કારણે ૪ તાલુકાના કેટલાક ગામોમાં વાવાઝોડાએ કાચાં છાપરાં અને પતરાંને હવામાં ફંગોળતાં ડરામણા કડાકાથી અનેક લોકો ફફડી ઉઠ્યા હતા. જ્યારે પ્રાંતિજ તાલુકામાં વાવાઝોડાના કારણે પતરાં ૨૫ થી ૧૦૦ ફૂટ દૂર ઉડ્યાં હતાં જેના કારણે પશુઓ માટેનો ઘાસચારો ભીંજાઈ ગયાના અહેવાલ છે. જ્યારે માલપુર તાલુકાના સરતાનપુર નજીક ઝાડ પડતાં ખલીકપુરના ભાવેશ પ્રભાતભાઈ ખાંટનું ગંભીર ઈજાના કારણે મોત નિપજ્યું છે. જ્યારે માલપુર તાલુકાના ડોડીયા, નાનાવાડા, ગાજણ અને કાસવાડ વિસ્તારમાંથી પસાર થયેલા વાવાઝોડાએ અસંખ્ય મકાનોનાં પતરાંને હવામાં ઉડાડતાં અનેક પરિવારોને ચોમાસા દરમ્યાન મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. વાવાઝોડા પછી અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ થતાં પીવાના પાણીનું સંકટ જોવા મળ્યું છે.

**નુક્સાનીનો સર્વે શરુ - ટી.ડી.ઓ.**

માલપુર ટી.ડી.ઓ. એમ.પી.ત્રિવેદી, પ્રાંતિજ ટી.ડી.ઓ. નીતિનભાઈ ચૌધરીએ જણાવ્યું કે વાવાઝોડાના કારણે મકાનોને અંશત નુક્સાન થયું છે જેથી દરેક ગામોમાં સર્વે માટેની ટીમો રવાના કરવામાં આવી છે તેમના રિપોર્ટ આવ્યા પછી કેટલું નુક્સાન છે તે જાણી શકાશે.

## પ્રાંતિજના કાટવાડ ખાતે આવેલ એશિયન ગ્રેનીટો ઈન્ડિયા લિમિટેડ કંપની દ્વારા ચોપડાનુ વિતરણ

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના કાટવાડ દલપુર ખાતે આવેલ એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની દ્વારા તાલુકામાં આવેલ શાળાઓ સહિત જિલ્લા ની સરહદે આવેલ શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો ને ચોપડાં વિતરણ કરવામાં આવ્યું

પ્રાંતિજ ના કાટવાડ ખાતે આવેલ એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લિમિટેડ કંપની દ્વારા કંપનીની આજુબાજુના ગામોમા આવેલ પ્રાથમિક શાળાઓ જેવીકે દલપુર પ્રાથમિક શાળા, સૈજવિકપુરા પ્રાથમિક શાળા, કાટવાડ પ્રાથમિક શાળા, વજાપુર પ્રાથમિક શાળા , શ્રી કુકડીયા પ્રાથમિક શાળાનંબર-૧ સહિતની પ્રાથમિક શાળાઓ સહિત



જિલ્લાની સરહદે આવેલ અંતરીયાળ ગામની આદિવાસી જિલ્લાની સરહદે આવેલ અંતરીયાળ ગામની આદિવાસી વિસ્તાર ની જરૂરિયાત વાળી પ્રાથમિક શાળાઓમા પણ એશિયન ગ્રેનીટો ઈન્ડિયા લિમિટેડ કંપની દ્વારા ચોપડાઓનુ વિતરણ કરવામા આવ્યુ હતુ તો ચોપડા મળતા વિધાર્થી બાળકોના ચહેરા ઉપર સ્મિત જોવા મળી હતી અને આનંદ વ્યક્ત કર્યોહતો તો આશુભ કાર્યમા કંપનીના ડાયરેક્ટર જયંતિભાઈ એમ.પટેલ, ગીરીશભાઈ પટેલ, ડાં.ભગુભાઈ પટેલ, વિનુભાઈ પટેલ તેમજ એચ.આર.મેનેજર નિકુલભાઈ ખંભાતી, વિપુલભાઈ પટેલ, બીપીનભાઈ પ્રજાપતિ, ભાવેશભાઈ વાણિયા સહિત એચ.આર ટીમ સહિત કંપની ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તો તાલુકા સહિત જિલ્લાના અંતરીયાળ વિસ્તારો મા જઈ ને કંપની દ્વારા દરવર્ષે ૭૦ હજારથી પણ વધારે ચોપડાઓનું વિતરણ કરવામા આવે છે.

### અન્ય ૩ જીનર્સના જવાબ રજૂ થયા પછી ગમે તે ઘડીએ કાર્યવાહીના સંકેત

## વડાલીની એવરેસ્ટ જીનીંગના શંકાસ્પદ બિયારણમાં બીટી પોઝિટિવ રિપોર્ટ

### વધુ એક જીનીંગ સાણસામાં આવી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

વડાલીની એવરેસ્ટ જીનીંગમાંથી લેવામાં આવેલા શંકાસ્પદ કપાસના બિયારણના સેમ્પલમાં બીટી પોઝિટિવ આવતાં વધુ એક જીનીંગ સાણસામાં આવી છે. અગાઉ ૩ જીનર્સના ત્યાંથી લેવાયેલા સેમ્પલમાં બીટી અને એચ.ટી. પોઝિટિવ આવ્યા પછી કાયદાકીય કાર્યવાહી માટે નોટિસ આપવામાં આવી હતી. જેની અવધી સમાપ્ત થઈ છે અને જવાબ રજૂ થયા પછી જીનર્સ સામે પોલીસ ફરિયાદ થઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગત તા. ૧૦ મે.ના રોજ ખેતી વિભાગ(ગુણવત્તા)ની ગાંધીનગર અને સાબરકાંઠાની ટીમ દ્વારા બાતમી આધારે વડાલીની ૪ જીનીંગમાંથી અંદાજીત રૂ ૩ કરોડની કિંમતનો ૧૮,૭૮૫ કીલોગ્રામ શંકાસ્પદ કપાસ બિયારણનો જથ્થો સીઝ કરી ૩૪ સેમ્પલ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ લાંબા સમય પછી સરકારી લેબોરેટરીમાંથી રિપોર્ટ જાહેર થતાં વિશ્વાસ જીનીંગ, આનંદ જીનીંગ અને યોગેશ્વર જીનીંગના લેવાયેલા સેમ્પલમાંથી ૨૬ બીટી પોઝિટિવ અને ૧૨ એચ.ટી. પોઝિટિવ રિપોર્ટ આવતાં પર્યાવરણ માટે હાનિકારક બિયારણના ઉત્પાદન સબબ વડાલીના ૩ જીનર્સ સામે કાનૂની કાર્યવાહી કરવા સાબરકાંઠા ખેતી નિયામક (ગુણવત્તા) દ્વારા નોટિસ આપી ૭ દિવસમાં જવાબ રજૂ કરવા તાકીદ કરાઈ હતી પરંતુ હજુ સુધી જવાબ આવ્યા નથી ત્યાં એવરેસ્ટ જીનીંગનો પણ રિપોર્ટ જાહેર થયો છે જેમાં સેમ્પલમાં કપાસના બિયારણમાં બીટી પોઝિટિવ હોવાનું જણાતાં પ્રતિબંધિત બિયારણના ઉત્પાદન કરવા બદલ વધુ એક જીનીંગ સામે કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

**જિલ્લામાં હજુ પણ બેરોકટોક બીટી કપાસનું ધુમ વેચાણ..**

જિલ્લામાં ચોમાસુ હજુ જામ્યું નથી ત્યાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રતિબંધિત કપાસના બિયારણનો વેપલો બિન્દાસ્તપણે ફૂલ્યો ફાલ્યો છે. વિભાગના અધિકારીઓ દ્વારા તલોદ, પ્રાંતિજ, બાયડ, મોડાસા, મેઘરજ સહિતના વિસ્તારોમાં ન્યાયિક તપાસ થાય તો પર્યાવરણ માટે હાનિકારક બિયારણના વેપલાનો પર્દાફાશ થઈ શકે છે.

**જિલ્લામાં હજુ પણ બેરોકટોક બીટી કપાસનું ધુમ વેચાણ..**

જિલ્લામાં ચોમાસુ હજુ જામ્યું નથી ત્યાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રતિબંધિત કપાસના બિયારણનો વેપલો બિન્દાસ્તપણે ફૂલ્યો ફાલ્યો છે. વિભાગના અધિકારીઓ દ્વારા તલોદ, પ્રાંતિજ, બાયડ, મોડાસા, મેઘરજ સહિતના વિસ્તારોમાં ન્યાયિક તપાસ થાય તો પર્યાવરણ માટે હાનિકારક બિયારણના વેપલાનો પર્દાફાશ થઈ શકે છે.

**૮ સેમ્પલના રિપોર્ટ પોઝિટિવ – ખેતી અધિક્ષક**

સાબરકાંઠા ખેતી અધિક્ષક(ગુણવત્તા) કલ્પેશભાઈ દેસાઈનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે વડાલીની ૪ જીનીંગમાંથી શંકાસ્પદ જથ્થો સીઝ કરી સેમ્પલ લેવાયા હતા તેમાંથી ૩ જીનીંગના સેમ્પલ રિપોર્ટ જાહેર થયા હતા. તાજેતરમાં જ એવરેસ્ટ જીનીંગના સેમ્પલનો રિપોર્ટ જાહેર થયો છે તેમાં તમામ ૮ સેમ્પલ બીટી પોઝિટિવ હોવાનું જણાઈ આવ્યું છે.

## પ્રકાશચંદ્ર પટેલની વલસાડ પ્રભારી તરીકે નિમણુંક થતાં અરવલ્લીમાં ખુશાલી



મેઘરજ તાલુકાની સરહદે આવેલા માંડલી ગામના વતની પ્રકાશચંદ્ર પટેલની વલસાડના પ્રભારી તરીકે નિમણુંક થતા મેઘરજ સહીત અરવલ્લી જિલ્લામાં ખુશાલી છવાઈ હતી. પ્રકાશચંદ્ર કોલેજ કાળથી જ સમાજ સેવાની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા અને તે સમયે સંઘ પ્રચારક તરીકે વર્ષો સુધી ઉમદા કામગીરી કર્યા બાદ તેવા છેલ્લા કેટલાક સમયથી સુરત ખાતે સ્થાયી થયાં છે અને ગુજરાત પ્રદેશ પ્રશિક્ષણ સેલના કન્વીનર તરીકે સેવાઓ આપી રહ્યા હતા.ત્યારે ગુજરાત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના દૂર દેશી વિઝન અને મિશન ૧૮૨ ને પૂર્ણ કરવા દરેક વિધાનસભા સીટના પ્રભારીઓની નિમણુંક કરાતા વલસાડ સીટ માટે પ્રકાશચંદ્ર પટેલની નિમણુંક કરવામાં આવી હતી.પ્રકાશચંદ્ર પટેલની પ્રભારી તરીકે નિમણુંક થતા વતન અરવલ્લી જિલ્લાના લોકોએ વધાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાની ગુજેરી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો




અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાની ગુજેરી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો હતો.ધનસુરા તાલુકાની ગુજેરી પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી સુ શ્રી ડો. એમ. કે. ડોડીયા સાહેબ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને કરાઈ હતી .પ્રવેશપાત્ર બાળકોને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી પ્રવેશ આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે સી.આર.સી શ્રી સંજયભાઈ ઘાગડ અને કલ્પેશભારથી ગોસ્વામી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.શાળાના આચાર્ય શ્રી દ્વારા તિથીભોજન આપવામાં આવ્યું હતું તથા ધોરણ ૧ ના તમામ બાળકોને સ્કૂલ બેગ આપવામાં આવી હતી.

## મોડાસામાં એક્ટિવા પર માતા પુત્રીને શાળાએ મુકવા જતા રીક્ષાએ અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત



અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં કેટલાક રીક્ષા ચાલકો બેફામ ગતિએ રીક્ષા હંકારી તેમજ રિક્ષામાં મોટા અવાજે ટેપ વગાડી લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે મોડાસા શહેરના ભેરુંડા રોડ પર એક રીક્ષા ચાલકે બેફિકરાઈ પૂર્વક રીક્ષા હંકારી વહેલી સવારે એક્ટિવા પર સ્કૂલે જતી માં-દીકરીને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માતમાં માતા-દીકરી ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા જ્યાં માતાને ગંભીર ઈજાઓ પહોંચતા વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાઈ હતી અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. અરવલ્લીના મોડાસાના કૉલેજ રોડ પર સ્કૂટી અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો છે. જેમાં વહેલી સવારે સ્કૂલે જઈ રહેલી મા-દીકરીને ટક્કર વાગી હતી. રિક્ષા ચાલકે ટક્કર મારતા માતાને ગંભીર ઈજા પહોંચી છે. બીજા તરફ વિદ્યાર્થિનીને ચહેરા પર ઈજા પહોંચી હતી. અકસ્માતમાં ઘાયલ માતાને સારવાર માટે અમદાવાદ ખાતે ખસેડવામાં આવી હતી. માતા દીકરીને મૂકવા માટે જે. બી. શાહ સ્કૂલ ખાતે જઈ રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

## પાલનપુરના સંગીતકારો ફ્રાન્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે



પાલનપુરના સંગીતકારો ફ્રાન્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી નાનકડા શહેરનું ગૌરવ વધારશે. GURU-The Arts Hub. આગામી જુલાઈ મહિનામાં ગુજરાત અને દેશ ના અન્ય રાજ્યોના ૩૦ ખ્યાતનામ કલાકારો ને લઈને France,Europe ખાતે યોજાઈ રહેલ International Dance and Music Festival માં perfom કરવા તેમજ ભારતનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યા છે. આ International Cultural Festival માં ભારત સિવાય પણ દુનિયાના ૨૦ થી પણ વધુ દેશો perfome કરવા આવી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે , ભારતમાથી France જઈ રહેલ team માં પાલનપુરના સંગીતકાર ધર્મેશ પ્રજાપતિ અને એમની સાથે રાજ પંચાલ ,જશવંત સોલંકી,શાદાબ થૈયમ અને અર્પિત જોષી પણ પર્ફોર્મ કરવા જઈ રહ્યા છે. પાલનપુરના કલાકાર ધર્મેન્દ્ર પ્રજાપતિએ વિગતો આપતા જણાવ્યું હતું કે "ભારત અને ગુજરાતની સંસ્કૃતિને દુનિયાના અનેક દેશોમાં **dance** અને **music** થકી પ્રચાર અને પ્રસાર નું કામ કરતી GURU-The Arts Hub દ્વારા ૩૦ મી જૂનથી ૧૭ જુલાઈ દમિયાન International Music and dance festival ના ભાગરૂપે છેલ્લા ૩ મહિના થી ડાન્સર અને સંગીતકારોની ટિમ ભારતના લોકનૃત્યો ,જેવાકે રાસ, ગરબો રાજસ્થાની કાલબેલિયાની પ્રેક્ટીસ કરી રહ્યા હતા હવે આ થીમ પર નાટ્યકળા કૃતિઓ રજૂ કરીશું. ફ્રાન્સની **Voiron** સિટીમાં રહેઠાણની સુવિધા કરાઈ છે. બાકી ફ્રાન્સમાં જુદી જુદી જગ્યાએ પરફોર્મન્સ થશે."

## મોડાસા : પશુઓ ભરેલ ટ્રકે ગૌ-રક્ષકોને કચડવાનો પ્રયાસ કરતા ચકચાર : પશુ ભરેલી ટ્રક ટોલપ્લાઝા નજીક પલ્ટી જતા ૭ પશુના મોત

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર સહીત આજુબાજુના વિસ્તારોમાં ગેરકાયદેસર કતલખાના ધમધમી રહ્યા છે કસાઈઓ ને જાણે પોલીસનો કોઈ ડર જ ના હોય તેમ સતત પીકઅપ ડાલા અને ટ્રકમાં પશુઓની ગેરકાયદેસર હેરાફેરી કરી રહ્યા છે મોડાસા-શામળાજી હાઈવે પર ગેરકાયદેસર પશુઓ ભરી પસાર થતી ટ્રકને ગૌ-રક્ષકોએ-બાઈક પર પીછો કરી રોકવાનો પ્રયત્ન કરતા ટ્રક ચાલકે ગૌ રક્ષકોને ટ્રક નીચે કચડવાનો પ્રયત્ન કરી ટ્રક પુરઝડપે હંકારતા ગાજણ ટોલપ્લાઝા પર ટ્રક પલ્ટી ખાઈ જતા ટ્રકમાં ભરેલ ૯ પશુઓમાંથી ૭ પશુઓનું મોત નીપજ્યું હતું સમગ્ર ઘટનાનાને પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. મોડાસા થી શામળાજી તરફ ટ્રકમાં મુશ્કેટાટ હાલતમાં પશુઓ બાંધી પસાર થતી



ટ્રક ગૌરક્ષકોના ધ્યાને પડતા ગૌરક્ષકોએ બાઈક મારફતે ટ્રકનો પીછો કરતા ટ્રક ચાલકે ગૌરક્ષકોની બાઈકને અડફેટે લેવાનો પ્રયત્ન કરી પરત મોડાસા ટ્રક હંકારી મુકતા ગૌ રક્ષકોએ જીવના જોખમે ટ્રકનો પીછો કરતા ટ્રક ગાજણ ટોલપ્લાઝા પર પલ્ટી ખાઈ જતા ટ્રકમાં મુશ્કેટાટ હાલતમાં બાંધેલ ૭ પશુઓના મોત નિપજ્યા હતા ટ્રક પલ્ટી જતા ત્રણ કસાઈઓ ફરાર થઈ ગયા હતા ટ્રકમાં રહેલ ૨ પશુઓનો બચાવ થયો હતો ગૌરક્ષકોએ મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી બે ભેંશને પાંજરાપોળ મોકલી આપવા વ્યવસ્થા હાથધરી હતી. મોડાસા રૂરલ પોલીસે અજાણ્યા ટ્રક ચાલક સહીત ત્રણ શખ્શો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.